પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ : અધ્યાત્મ અને આરોગ્ય દિન

અહમ્ અને મમત્વ એ મનનો કચરો છે : પ્રમુખસ્વામી મહારાજ

સમાજના આંતર-બાહ્ય સ્વાસ્થ્યની જાળવણી માટે પ્રમુખસ્વામી મહારાજના અધ્યાત્મ અને ચિકિત્સાના સુમેળકારી અભૂતપૂર્વ પ્રદાનને મહાનુભાવોએ બિરદાવ્યું : અસંખ્ય લોકોના આધ્યાત્મિક આરોગ્યના રક્ષક એવા પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપતાં સમાજના આરોગ્ય અને ધાર્મિક ક્ષેત્રના મહાનુભાવો : BAPS સંસ્થા દ્વારા સંચાલિત અનેકવિધ આરોગ્યધામો અને આરોગ્ય સેવાઓ દ્વારા નિરંતર ચાલી રહ્યો છે સ્વાસ્થ્ય રક્ષાનો યજ્ઞ

પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવમાં પધારતા ભક્તો માટે ગાઈડલાઈન

વધી રહેલા કોરોના સંક્રમણ અંગે સરકાર દ્વારા વિમર્શને લક્ષમાં લઈ જાહેર જન હિત માટે પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં આવતાં ભક્તો માટે ગાઈડલાઈન જાહેર કરાઈ છે જેમાં સ્વયંસેવકોની સાથે દર્શન યાત્રાએ આવનાર તમામ ભક્તોએ માસ્ક પહેરવાનું રહેશે, સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું, શરદી તાવ, ખાંસી જેવા તકલીફવાળા વ્યક્તિઓએ મહોત્સવમાં ના આવવું, મોટી ઉંમરના અને કો-મોર્બીડ લક્ષણ ધરાવતા વ્યક્તિઓએ ભીડમાં આવવું ટાળવું, વિદેશથી પધારેલા ભક્તોએ કોરોના ટેસ્ટ કરાવવો. મહોત્સવમાં સાબુ અને હેન્ડ સેનેટાઈઝરની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

“BAPSના સ્વયંસેવકોનું સમર્પણ અસામાન્ય ઉત્સાહ અને એકતા બતાવે છે.” : લિએન્ડર પેસ

આજે ‘અધ્યાત્મ અને આરોગ્ય દિન’ના ઉપક્રમે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં વિરાટ સંધ્યા સભાનું આયોજન થયું હતું. જેમાં ભારતના આરોગ્ય અને ધાર્મિક ક્ષેત્રના અગ્રણીઓ સાથે હજારો સંતો-ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજને સમાજના સ્વાસ્થ્ય રક્ષણ માટે અભૂતપૂર્વ કાર્યો કરવા બદલ શ્રદ્ધાંજલિ આપી હતી. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની નિશ્રામાં BAPS સંસ્થા દ્વારા સંચાલિત આરોગ્ય સેવાઓનો એક બૃહદ અધ્યાય છે. પ્રમુખસ્વામી મહારાજે ૭ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલોની સ્થાપના કરી હતી. ઉપરાંત ૧૧ નિઃશુલ્ક મોબાઈલ દવાખાનાઓ દ્વારા ૧ કરોડ જેટલાં રોગીઓની સારવાર કરવામાં આવી છે. અનેક રક્તદાન યજ્ઞો, નિઃશુલ્ક રોગનિદાન કેન્દ્રો અને વિભિન્ન સ્વાસ્થ્ય સેવાઓ દ્વારા પ્રમુખસ્વામી મહારાજે સમાજના સ્વાસ્થ્યની રક્ષા કરી છે. ૫૯ લાખ સીસી રક્તદાન પણ સંસ્થાની અનોખી સિદ્ધિ છે. પ્રતિ સપ્તાહ આશરે ૨૮૮૦ જેટલું અંતર કાપતા ૧૪ મોબાઈલ દવાખાનાઓ દ્વારા ૧૩૩ ગામોના ૫૬ લાખ કરતાં વધુ લોકોને સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત ૧૨૨૭ જેટલાં રોગનિદાન કેન્દ્રો દ્વારા ૨,૯૧,૦૦૦ લોકોનું નિદાન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે સ્વામીજીએ ૪૦ લાખ લોકોને વ્યસનમુક્તિની પ્રેરણા આપી સમગ્ર રાષ્ટ્રના આરોગ્યની રક્ષા કરી છે, બીજી બાજુ, તેમણે સમાજના આધ્યાત્મિક આરોગ્યની પણ ચિંતા કરી હતી. વિશ્વભરમાં ૧૨૩૧ જેટલાં મંદિરો, ૯,૫૦૦ કરતાં વધુ બાળ-યુવા કેન્દ્રો અને ૯૦૦૦ થી વધારે પુરુષ-મહિલા સત્સંગ કેન્દ્રોની સ્થાપના દ્વારા સર્વેના આધ્યાત્મિક આરોગ્યને સશક્ત બનાવ્યું. પ્રમુખસ્વામી મહારાજ પ્રેરિત આરોગ્યસેવાના કાર્યને BAPS દ્વારા કોરોના સમયમાં અભૂતપૂર્વ રીતે હાથ ધરવામાં આવ્યું હતું. ભગવાનની ધૂન, પ્રાર્થના અને કીર્તન સાથે સાંજે ૫.૧૫ વાગ્યે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સંગીત વૃંદ દ્વારા ‘દરદ મિટાયા મેરા દિલ કા’ કીર્તનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. BAPSના વિદ્વાન સંત પૂ. આદર્શજીવન સ્વામીએ ‘પ્રમુખ ચરિતમ’ શ્રેણી હેઠળ પ્રમુખસ્વામી મહારાજના આરોગ્ય સેવામાં અધ્યાત્મના સંગમના વિલક્ષણ કાર્યને વર્ણવ્યું હતું, “પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પ્રમુખસ્વામી મહારાજની ધૂન કરતી હસ્તમુદ્રા મૂકવામાં આવી છે જે દર્શાવે છે કે પ્રમુખસ્વામી મહારાજ હંમેશા ભગવાનની ધૂન અને પ્રાર્થના પર મદાર રાખીને કામ કરવાવાળા પુરુષ હતા.

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પ્રમુખસ્વામી મહારાજની જ્ઞાન મુદ્રા, વંદન મુદ્રા અને પૂજન મુદ્રા અને અન્ય મુદ્રાઓ આપણને તેમની ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિનો પરિચય કરાવે છે.”

IDBI ટ્રસ્ટીશીપ સર્વિસિસે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં કામગીરી શરૂ કરી

ટ્રસ્ટી ઓપરેશન્સ ઇકોસિસ્ટમ માટે ખૂબજ મહત્વપૂર્ણ છે કારણકે તે ગિફ્ટ સિટીમાં આઇએફએસસીમાં કાર્યરત વિવિધ વ્યવસાયોની વૃદ્ધિ માટે નોંધપાત્ર સહયોગ પ્રદાન કરે છે

ગાંધીનગર, તા.૨૩

આઈડીબીઆઈ ટ્રસ્ટીશીપ સર્વિસિસ લિમિટેડે ભારતના પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી)માં તેમની કામગીરીનો પ્રારંભ કર્યો છે.

આ પહેલનો ઉદ્દેશ્ય વૈશ્વિક અને ભારતીય કંપનીઓને ગિફ્ટ સિટી દ્વારા ઓફર કરાતી ફાઈનાન્સિયલ ઈકોસિસ્ટમને મજબૂત કરવાનો છે. મહત્વપૂર્ણ છે કે ટ્રસ્ટી ઓપરેશન્સ ઈકોસિસ્ટમને સક્ષમ કરવામાં મહત્વપૂર્ણ છે કારણકે તેઓ ગિફ્ટ આઈએફએસસીમાં વિવિધ વ્યવસાયોની વૃદ્ધિને જરૂરી સહાયતા કરે છે.

લાઈસન્સ મળ્યાં બાદ આઈડીબીઆઈ ટ્રસ્ટીશીપ સર્વિસિસ લિમિટેડ આઈએફએસસી બેંકિંગ યુનિટ્સને તેમના એક્સટર્નલ કમર્શિયલ બોરોઈંગ્સ (ઈસીબી) ટ્રાન્ઝેક્શન, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી) અને ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સને ટ્રસ્ટીશીપ સર્વિસિસ તથા સરહદપાર મર્જર અને એક્વિઝિશન (એમએન્ડએ) ટ્રાન્ઝેક્શન માટે એસ્ક્રો એજન્સી સર્વિસિસ માટે ફેસિલિટી એજન્ટ સર્વિસિસ ઓફર કરશે.

ગિફ્ટ સિટીના મેનેજિંગ ડાયરેક્ટર અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે, “ગિફ્ટ સિટીમાં પોતાની કામગીરી સ્થાપવા વિવિધ વ્યવસાયિક વર્ટિકલ્સ તરફથી નોંધપાત્ર રૂચિ જોઈ રહ્યાં છીએ અને અમે નાણાકીય સંસ્થાઓને વૈશ્વિક ધોરણો પ્રમાણે અનુકૂળ વ્યવસાયિક ઈકોસિસ્ટમ પ્રદાન કરવામાં નવા બેન્ચમાર્ક સ્થાપિત કરી રહ્યાં છીએ. મને વિશ્વાસ છે કે આઈડીબીઆઈ ટ્રસ્ટીશીપ સર્વિસિસ લિમિટેડ ગિફ્ટ સિટી દ્વારા ઓફર કરાતી ફાઈનાન્સિયલ ઈકોસિસ્ટમને વધુ મજબૂત કરશે.”

રાજ્યમાં કોરોનાના કેસ વધે તે પહેલા સરકાર દ્વારા તકેદારીના ભાગરૂપે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોરોના વોર્ડ અને ઓક્સિજન પ્લાન્ટની તૈયારી કરી દેવામાં આવી છે.

SVP હોસ્પિટલમાં ૫૦ બેડનો કોરોના વોર્ડ ઉભો કરાયો

અમદાવાદ, તા.૨૩

ચીન સહિત અન્ય દેશોમાં કોરોનાના કેસો વધી રહ્યા છે જેને લઈ ભારત સરકાર ચિંતિત બની છે અને ભીડભાળવાળી જ્યાં જગ્યા હોય ત્યાં લોકો માસ્ક પહેરે તેની અપીલ કરવામાં આવી છે. જે પણ લોકોને બુસ્ટર ડોઝ લેવાનો બાકી છે તે લેવા માટેની અપીલ પણ કરવામાં આવી રહી છે. જેને પગલે અમદાવાદ શહેરમાં પણ આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. અમદાવાદમાં ૩૬ લાખ જેટલાને વેક્સિનનો બૂસ્ટર ડોઝ લેવાનો છે.

શહેરમાં ૨૫ ટકા લોકોએ વેક્સિનનો પ્રિકોશન ડોઝ લીધો છે અને હજી ૭૫ ટકા લોકોને લેવાનો બાકી છે જેથી આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે કે લોકો વેક્સીનનો બુસ્ટર ડોઝ લઈ લે. જ્યાં પણ ભીડભાડ વાળી જગ્યા પર લોકો જાય ત્યાં માસ્ક પહેરવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

પ્રિકોશનના ભાગરૂપે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ હોસ્પિટલો, અર્બન હેલ્થ સેન્ટર અને SVP હોસ્પિટલમાં બેડની તૈયારીઓ કરવામાં આવી છે. SVP હોસ્પિટલમાં ૫૦ બેડનો એક અલાયદો કોરોના વોર્ડ પણ ઉભો કરવામાં આવ્યો છે.

ગાબડા પુરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવ્યા બાદ આગળ કામગીરી ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવશે. હાલ શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં ઉકરડા જોવા મળી રહ્યા છે. એટલુ જ નહીં દબાણ અને ગંદકીની સાથે રખડતા ઢોર માટે પણ વન આરક્ષિત વિસ્તાર આશ્રય સ્થાન છે. શહેરમાં નીલગાયનો ત્રાસ પણ હજુ સુધી યથાવત છે. જયારે હાલ વનવિસ્તારમાં ઠેર ઠેર ગાબડા હોવાથી નીલગાય પણ આ ઠેકાણે જ વસવાટ કરતી હોવાનુ પણ નજરે પડયુ છે. આવા સંજોગોમાં વન વિસ્તારમાંથી કુદકા મારતી નીલગાય મુખ્યમાર્ગો પર આવી ચઢતા અનેકવાર માર્ગ અકસ્માતનુ કારણ બને છે.

હાઈ એલર્ટ પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાઈવફોલ્ડ સ્ટ્રેટેજી અંતર્ગત શંકાસ્પદ કોવિડ લક્ષણોવાળા તમામ દર્દીઓના ટેસ્ટીંગ માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી તેમજ યોગ્ય કોન્ટેક્ટ ટ્રેસીંગ અને ટેસ્ટીંગ દ્વારા વહેલું નિદાન અને ત્વરિત સારવાર મળી રહે તે માટે આવશ્યક તમામ પગલાંઓ હાથ ધરવા જણાવવામાં આવેલ. તમામ કોવિડ પોઝીટીવ કેસના સેમ્પલ જીનોમ સીકવન્સીંગ માટે પણ મોકલવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવ્યુ. કોવિડ ડેજીગ્નેટેડ તમામ હોસ્પિટલને પણ કોરોના માટેના બેડ તેમજ ઓક્સિજન માટેની તમામ સુવિધાઓથી સજ્જ થવા જણાવાવમાં આવેલ તથા જરૂરી મોકડ્રીલ કરવા માટે પણ જણાવાવમાં આવેલ. તમામ સરકારી તેમજ પ્રાઈવેટ હોસ્પિટલો પાસે ટેસ્ટ કીટો તેમજ આવશ્યક તમામ દવાઓનો જથ્થો ઉપલબ્ધ રાખવા જણાવાવમાં આવેલ. પ્રાઈવેટ લેબોરેટરી તેમજ હોસ્પિટલ સાથે યોગ્ય સંકલન સુનિશ્ચિત કરવા જણાવ્યું. જનસમુદાયમાં પણ કોરોના અંતર્ગતની તમામ પ્રકારની આઈઈસી એક્ટીવીટી હાથ ધરવા જણાવેલ. જેમાં માસ્ક પહેરવા, વારંવાર સાબુથી હાથ ધોવા તેમજ જરૂરી સમાજીક અંતર રાખવા જણાવવામાં આવેલ.

ઉપરોક્ત મીટીંગના અનુસંધાને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ.જે. વૈષ્ણવ દ્વારા જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મેડિકલ ઓફિસર, સામુહિક આરોગ્ય કેન્દ્ર તેમજ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર સાથે તેમજ જીઈઆરએમઆઈએસ પોર્ટલ સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ હોસ્પિટલના ડોક્ટર્સ સાથે પણ વર્ચુઅલ મીટીંગ દ્વારા કોવિડ-૧૯ અટકાયત અને નિયંત્રણ માટેની પૂર્વ તૈયારી બાબતે વિગતે સમીક્ષા કરવામાં આવી તેમજ કલેક્ટર તેમજ ડી.ડી.ઓ. દ્વારા સુચવવામાં આવેલ પગલાઓના સઘન અમલ દ્વારા કોવિડ અટકાયત કામગીરી માટે ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું.

નહીં વસૂલે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ કેટલાક કિસ્સામા , જેમાં લાભાર્થીને ડ્રો દ્વારા આવાસ મળી ગયુ હોય આમછતાં મળેલું મકાન રદ કરાવીને ડિપોઝીટ પરત લઈ લેતા હોય છે અને એવા કિસ્સા પણ બને છે, કે પ્રતિક્ષા યાદીમાં રહેલા લાભાર્થીઓ તેમનો નવી સ્કીમમાં સમાવેશ થવાનો હોવા છતાં તે રદ કરાવીને ડિપોઝીટની રકમ પરત લેવા માંગતા હોય છે. આ બન્ને કિસ્સામાં વહીવટી ચાર્જ કાપીને ડિપોઝીટની રકમ પરત આપવામાં આવતી હતી. જયારે હવે પ્રતિક્ષા યાદીના કિસ્સાના લાભાર્થીઓ પાસેથી વહીવટી ચાર્જ વસુલવામાં નહીં આવે.

ટેસ્ટીંગ શરૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જો કે તેમણે કોરોનાના કેસમાં એકંદરે કોઈ વધારો ન થયો હોવાનું જણાવ્યું હતું. મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે ’કોરોના હજી ગયો નથી. મેં તમામ જવાબદાર અધિકારીઓને સતર્ક રહેવા અને તકેદારી વધારવા કહ્યું છે. અમે કોઈ પણ સ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છીએ’. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા ગુરુવારે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે, દેશમાં એક દિવસસાં કોરોનાના ૧૮૫ નવા કેસ નોંધાયા હતા. જ્યારે સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા ઘટીને ૩,૪૦૨ થઈ હતી.

રાજ્ય સરકારોએ પણ કોરોના સામે સાવચેતીના પગલા લેવાનું શરૂ કર્યું છે. કેન્દ્રની સલાહ પ્રમાણે, બિહારના એરપોર્ટ, રેલવે સ્ટેશનો અને બસ સ્ટેન્ડ પર કોવિડ ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. બિહારના આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોવિડ પ્રોટોકોલનું પાલન કરવા માટે મોલ, શોપિંગ સેન્ટર અને થિયેટર માટે એક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. એરપોર્ટસ રેલવે સ્ટેશનો અને બસ સ્ટેશનો પર એપિડ એન્ટિજેન ટેસ્ટ કરવા, શંકાસ્પદ કેસોને આરટી પીસીઆર ટેસ્ટ અને જીનોમ સિક્વન્સિંગ માટે હોસ્પિટલોમાં મોકલવા માટે કહેવામાં આવ્યું છે.

કર્ણાટક સરકારે પણ માસ્ક પહેરવાનો નિયમ ફરજિયાત કર્યો છે. મધ્યપ્રદેશ, ઉત્તરાખંડમાં પણ પોઝિટિવ કેસમાં જીનોમ ટેસ્ટ કરાવવાનો આદેશ આપ્યો છે. યુપીના સીએમ યોગી આદિત્યનાથે પણ ભીડભાડવાળી જગ્યાએ માસ્ક વગર ન જવાની લોકોને સલાહ આપી છે. પર્યટન સ્થળો પર ફરીથી સ્ક્રીનિંગ શરૂ કરાયું છે.

કોરોનાના ભયની વચ્ચે સ્વાઈનફ્લૂનો કહેર

ગુજરાતમાં વર્ષમાં સ્વાઈન ફ્લૂના ૨૧૩૯ કેસ : ૬૭નાં મોત થયા

આ વર્ષે સ્વાઇન ફ્લૂથી સૌથી વધુ મૃત્યુ થયા હોય તેવા રાજ્યોમાં મહારાષ્ટ્ર ૨૧૫ સાથે મોખરે અને ગુજરાત બીજા સ્થાને છે

અમદાવાદ, તા.૨૩

કોરોના ફરી માથું ઉંચકે તેવી દહેશત વ્યાપી છે ત્યારે સ્વાઈન ફ્લૂના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

ગુજરાતમાં આ વર્ષે સ્વાઈન ફ્લૂના કેસ ૨૧૩૯ કેસ નોંધાયા છે જ્યારે ૬૭ વ્યક્તિના મૃત્યુ થયા છે. આ વર્ષે સ્વાઈન ફ્લૂથી સૌથી વધુ મૃત્યુ થયા હોય તેવા રાજ્યોમાં મહારાષ્ટ્ર ૨૧૫ સાથે મોખરે અને ગુજરાત બીજા સ્થાને છે.

સમગ્ર દેશમાં આ વર્ષે સ્વાઈન ફ્લૂના કુલ ૧૨૮૮૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જ્યારે ૩૯૯ વ્યક્તિના મૃત્યુ થયા છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂથી ૬૭ વ્યક્તિ જીવ ગુમાવી ચૂકી છે અને તે છેલ્લા બે વર્ષમાં સૌથી વધુ છે.

અગાઉ ૨૦૧૮માં ૯૭, ૨૦૧૯માં ૧૫૧, ૨૦૨૦માં બે, ૨૦૨૧માં બે વ્યક્તિના કોરોનાથી મૃત્યુ થયા હતા. રાજ્યમાં ૨૦૧૭થી નવેમ્બર ૨૦૨૨ સુધી સ્વાઈન ફ્લૂના કુલ ૧૬૯૪૪ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૬૫૪ વ્યક્તિ જીવ ગુમાવી ચૂકી છે. આ વર્ષે સ્વાઈન ફ્લૂથી સૌથી વધુ મૃત્યુ નોંધાયા હોય તેમાં પંજાબ ૪૧ સાથે ત્રીજા, તામિલનાડુ ૨૫ સાથે ચોથા અને હરિયાણા ૧૨ સાથે પાંચમાં સ્થાને છે. આમ, દેશમાં આ વર્ષે સ્વાઈન ફ્લૂથી જે કુલ મૃત્યુ થયા છે તેમાંના ૧૭ ટકા માત્ર ગુજરાતમાંથી છે. સમગ્ર દેશમાં ૨૦૧૯માં સ્વાઈન ફ્લૂથી ૨૭૫૨, ૨૦૨૦માં ૪૪ અને ૨૦૨૧માં ૧૨ વ્યક્તિના મૃત્યુ થયા હતા.